૪૫૫

નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કચેરીના આધુનિકરણ કરવા અંગે વિભાગ -૧ની રૂા. ૫૫/- લાખની નવી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૦૮/ ન.બા.૧ /અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૦/૮/૨૦૦૯

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ગાંધીનગરના તા. ૮/૧૦/ ૦૮ ના પત્ર ક્રમાંકઃવિજાક/મકમ/૦૮-૦૯ /૫૭૫૪- થી ૫૭૫૫

ઠરાવઃ-

નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણના આમુખ (૧) માં દર્શાવેલ તા. ૮/૧૦/૦૮ ના પત્રથી ખાતાના વડાની કચેરીનું આધુનિકરણ કરવાની નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ગાંધીનગરએ રૂા. ૫૫/- લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી . સને ૨૦૦૯- ૨૦૧૦ના અંદાજપત્રમાં આ બાબતે નવી બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ. જેને નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૨૦૧૦ ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઇને આધિન રહીને નાણાંવિભાગ વ્દારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામની યોજના માટે વિભાગે તા. ૩૧/૮/૦૯ સુધીમાં માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના **S.O.R** મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી વ્દારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણો ને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષ માં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ / ૧૦૨૦૦૫/ ૧૪૦૭/છ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ ટેન્ડરીંગ બાબતમાં



→

૬૫૬

કરવામાં આવેલ જોગવાઇઓ /સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીની પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૮) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૯/૨૦૦૯થી કરવાનું રહેશે.

(૯) નાણાં વિભાગના તા. ૧૨/૨/૦૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૬/યુઓઆર/૬૯૪/ઝ-૧ ની અન્ય શરતો નું પાલન કરવાનુ રહેશે.

આ અંગે નું થનાર રૂા. ૫૫/- લાખ ( અંકે રુપિયા પંચાવન લાખ) ના ખર્ચ સને ૨૦૦૯-૨૦૧૦ ના અંદાજપત્રના મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિ , અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્ય સદર- ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ , ગૌણ સદર :- ૦૦૧ નિર્દેશ અને વહીવટ , પેટા સદર -૦૩ બીસીકે -૧૨૭ – સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અલગ નિયામકની કચેરીની સ્થાપના કરવી હેઠળ ઉધારવાનું રહેશે. અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગની તા. ૧૨/૮/૦૯થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી. જાડેજા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

માન. મંત્રીશ્રી( સા.ન્યા. અનેઅ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.. વર્ગ) ના અંગત મદદનીશશ્રી , સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી , (સા.ન્યા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અ-૧ શાખા, " " "
સિલેકટ ફાઇલ .

૪૫૨

નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કચેરીના આધુનિકરણ
કરવા અંગે વિભાગ -૧ની રૂા. ૫૫/- લાખની નવી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૦૮/ ન.બા.૧ /અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૦/૮/૨૦૦૯

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ગાંધીનગરના તા. ૮/૧૦/ ૦૮
ના પત્ર ક્રમાંકઃવિજાક/મકમ/૦૮-૦૯ /૫૭૫૪- થી ૫૭૫૫

ઠરાવઃ-

નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણના આમુખ (૧) માં દર્શાવેલ તા. ૮/૧૦/૦૮ ના પત્રથી ખાતાના વડાની કચેરીનું આધુનિકરણ કરવાની નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ગાંધીનગરએ રૂા. ૫૫/- લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી . સને ૨૦૦૯- ૨૦૧૦ના અંદાજપત્રમાં આ બાબતે નવી બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ. જેને નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૨૦૧૦ ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઇને આધિન રહીને નાણાંવિભાગ વ્દારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામની યોજના માટે વિભાગે તા. ૩૧/૮/૦૯ સુધીમાં માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના S.O.R મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી વ્દારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણો ને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષ માં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ / ૧૦૨૦૦૫/ ૧૪૦૭/છ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ ટેન્ડરીંગ બાબતમાં



—>

કરવામાં આવેલ જોગવાઇઓ /સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીની પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૮) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૯/૨૦૦૯થી કરવાનું રહેશે.

(૯) નાણાં વિભાગના તા. ૧૨/૨/૦૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૬/ યુઓઆર/૬૯૪/ઝ-૧ ની અન્ય શરતો નું પાલન કરવાનુ રહેશે.

આ અંગે નું થનાર રૂા. ૫૫/- લાખ ( અંકે રુપિયા પંચાવન લાખ) ના ખર્ચ સને ૨૦૦૯-૨૦૧૦ ના અંદાજપત્રના મુખ્ય સદર - ૨૨૨૫ અનુસૂચિત જાતિ , અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્ય સદર- ૦૩ પછાતવર્ગોનું કલ્યાણ , ગૌણ સદર :- ૦૦૧ નિર્દેશ અને વહીવટ , પેટા સદર -૦૩ બીસીકે -૧૨૭ – સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અલગ નિયામકની કચેરીની સ્થાપના કરવી હેઠળ ઉધારવાનું રહેશે. અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગની તા. ૧૨/૮/૦૯થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી. જાડેજા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

માન. મંત્રીશ્રી( સા.ન્યા. અનેઅ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.. વર્ગ) ના અંગત મદદનીશશ્રી , સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી , (સા.ન્યા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ .